
# અઝાદારી સામેના વિરોધોના જવાબો



# અઝાદારી સામેના વિરોધોના જવાબો

: સોગવાર :

એસોસીએશન ઓફ ઈમામ મહદી (અજ.)
પોસ્ટ બોકસ નં. ૧૯૮૨૨, મુંબઈ - ૪૦૦૦૫૦

કિતાબનું નામ :

અઝાદારી સામેના
વિરોધોના જવાબો

વર્ષ :

મોહર્રમુલ હરામ હિ.સ. ૧૪૩૧
ડિસેમ્બર ૨૦૦૯

પ્રકાશક :

એસોસીએશન ઓફ ઈમામ મહદી (અજ.)
પોસ્ટ બોકસ નં. ૧૯૮૨૨, મુંબઈ - ૪૦૦૦૫૦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا وَلِيَّ الْعَصْرِ اَدْرِكْنَا

પ્રવર્તમાન યુગના એક ફાઝીલ (વિદ્વાન) અબ્દુલ ગફ્ફાર સાહેબે ૨૧ જુન ૧૯૯૩ ના દૈનિક ''હિન્દુસ્તાન'' માં ''ઈસ્તેકબાલે અઝા'' (અઝાનું સ્વાગત) ના વિષય ઉપર કેટલાક એઅતેરાઝ પ્રસિધ્ધ કર્યા છે. એ વાત શકય છે કે આ વિષયના એક તરફી અભ્યાસના કારણે તેઓને ગેરસમજણમાં મૂકી દીધા હોય. અમારા માટે જરૂરી થઈ પડયું છે કે તેઓની આ ગેરસમજણનું નિવારણ કરીએ.

તેઓ જનાબનાં પાંચ પ્રશ્નો ઉપર આધારિત એઅતેરાઝ નીચે પ્રમાણે છે.

*(૧) ''ઈન્ન - લે - કત્લીલ - હુસયને - હરારતન - ફી - કોલૂબીલ - મૂઅમેનીન - લા - તબરોદો - અબદા.''*

*આ હદીસ રસુલે ખુદા (સ.અ.વ.) ની છે તેની સનદ (અધિકૃતતા - સંદર્ભ) શું છે ?*

*(૨) ઈમામ હુસૈન અલયહિસ્સલામની વિલાદત પહેલા અંબિયા (નબીઓ) અલયહેમુસ્સલામની અઝાદારી*

કરવી અર્થહીન છે.

(૩) ઈસ્લામના પાયાના સિધ્ધાંતો નમાઝ, રોઝા, હજ, વિગેરે છે. ઈસ્લામનું અસ્તિત્વ આ બધા હુકમોનું પાલન કરવામાં છે. ઈમામ હુસૈન અલયહિસ્સલામની અઝાદારી એ ઈસ્લામનું અસ્તિત્વ બાકી રહેવાનો આધાર નથી.

(૪) ઈમામ હુસૈન અલયહિસ્સલામની અઝાદારી અને માતમ હરામ છે.

(૫) અઝાદારી અને માતમે હુસૈન (અ.સ.) કરવાનો દીન સાથે કોઈજ સંબંધ નથી. આલીમોની સુન્નતનું અનુસરણ નહીં, પરંતુ કુરઆન અને હદીસનું અનુસરણ કરવું ઈન્સાન માટે જરૂરી છે.

હવે અમે ઉપરોકત એઅતેરાઝના જવાબો પ્રસ્તુત કરી રહ્યા છીએ, જેથી અઝાદારીની બુનિયાદ નાના મોટા દરેકને સ્પષ્ટ રીતે સમજાય જાય અને અઝાદારીની સુન્નત તેમજ માતમ કરવા અંગેની મોઅતબર રિવાયતો ન જાણવા અને ગફલતના કારણે આ મહત્ત્વનું કાર્ય ભૂલાવી ન દેવાય.

(૧) પહેલા એઅતેરાઝનો જવાબ

*ઈન્ન - લે - કત્લીલ - હુસયને - હરારતન - ફી - કોલૂબીલ - મૂઅમેનીન - લા - તબરોદો - અબદા.*

*"બેશક ઈમામ હુસૈન અલયહિસ્સલામની શહાદતથી મોઅમિનોના દિલોમાં એવી હરારત (ગરમી) પૈદા થશે જે કયારેય ઠંડી નહીં થાય."*

આ લાંબી હદીસનો એક ભાગ છે. આ હદીસ ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી નોંધી છે. આખી હદીસનું લખાણ નીચે પ્રમાણે છે.

ઈમામ સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :

*"એક વખતે જ્યારે હઝરત ઈમામ હુસૈન (અ.સ.) આવી રહ્યા હતા ત્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ તેઓ ઉપર દ્રષ્ટિ કરી અને તેઓને પોતાના દામનમાં લઈને ફરમાવ્યું : ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતથી મોઅમિનોના દિલોમાં એ હરારત (ગરમી) પૈદા થશે જે કયારેય ઠંડી નહીં પડે."*

પછી ફરમાવ્યું :

*"મારા માઁ-બાપ તેઓ ઉપર ફીદા થાય જેઓ ગીર્યા - ઝારીના ઉદ્‌ભવસ્થાન છે."*

લોકોએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ને પુછયું, "ફુરત એ ગીર્યા વ ઝારી" (કત્લ થવા પર રૂદન) નો અર્થ શું થાય ? ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*"કોઈ પણ મોઅમિન તેઓને ગીર્યા અને ઝારી સિવાય યાદ નહીં કરે."*

ઉપરની હદીસે શરીફને આઠમી સદી હીજરીના એહલે સુન્નતના મશ્હુર દાનીશમંદ જનાબ શમસુદ્દીન મોહમ્મદ આમેલીએ (ઈન્તેકાલ ૭૮૬ હીજરી) જેઓને શૈખ મોહમ્મદ બિન યુસુફ કરશી શાફેઈએ 'મજમઉલ મનાકિબ વલ કમાલાત વ જામેએ ઉલૂમે દુનિયા વ આખેરત' નો લકબ આપ્યો છે, તેઓએ પોતાની કિતાબ 'મજમૂઅહ' માં શેખ અબૂ અલી મોહમ્મદ બિન અબીબકર હુમામ બિન સુહૈલ કાતિબે અસ્કાની (ઈન્તેકાલ ૩૩૬ હીજરી) જેઓ ત્રીજી સદી હિજરીના મશ્હુર આલિમે એહલે સુન્નત મુહદ્દીસ અબ્દુર રઝઝાકના શાગીર્દ છે, તેમની કિતાબ 'અલ અન્વાર' થી નોંધી છે. આ હદીસના

રાવી એહમદ બિન અબી હરાસેહ બાહેલીએ ઈબ્રાહીમ બિન ઈસ્હાકથી, તેઓએ હમ્માદ બિન ઈસ્હાક અન્સારીથી તેઓએ ઈબ્ને સેનાનથી અને તેઓએ ઈમામ સાદિક અલયહિસ્સલામથી રિવાયત કરી છે.

જનાબ અબ્દુલ ગફ્ફાર સાહેબને આ હદીસે આશ્ચર્યમાં ડૂબાડી દીધા. પરંતુ આ હદીસનું સમર્થન એહલે સુન્નતના આલીમ બુખારીએ "અલ અદબુલ મુફરદ" માં અને ઈબ્ને માજાહે તેમની "સોનન" ના બાબે ફઝાઈલે અસ્હાબે રસુલે ખુદા (સ.અ.વ.) માં, તીરમીઝીએ પોતાની "સોનન" ના બાબે મનાકિબે ઈમામ હસન ઔર ઈમામે હુસૈન (અ.સ.) માં, હાકિમે પોતાની મુસ્તદરક ભાગ ૩, પાના નં. ૭૭ ઉપર અને એહમદ બિન હમ્બલે પોતાની મુસ્નદ ભાગ ૪ ના પાના નં. ૧૭૨ ઉપર કર્યુ છે. આ ઉપરાંત બીજા ઘણા બુઝુર્ગ હદીસ વેત્તાઓ યઅલા બિન મર્રેહ અને જાબિર બિન અબ્દુલ્લાહ (રઝ.) થી નોંધ્યું છે કે : રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના અસ્હાબની સાથે એક દાવત (જમવાના નિમંત્રણ) માં જઈ રહ્યા હતા. રસ્તામાં આપે ઈમામ હુસૈન અલયહિસ્સલામને જોયા. રસુલે ખુદા (સ.અ.વ.) ખૂબજ ઝડપથી આગળ વધ્યા.

તેઓ ઈમામ હુસૈન અલયહિસ્સલામને ઉંચકી લેવા માગતા હતા. પરંતુ ઈમામ હુસૈન (અ.સ.) હસતાં હસતાં આગળ પાછળ દોડવા લાગ્યા. આ જોઈને રસુલે ખુદા (સ.અ.વ.) ને પણ હસવું આવી ગયું. આપને આનંદ થયો. છેવટે આપ (સ.અ.વ.) એ હ. ઈ. હુસૈન (અ.સ.) ને પકડી લીધા અને પોતાના હાથોમાં લઈને તેઓને ચૂંબન કર્યુ અને ફરમાવ્યું :

*"હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. ખુદાવંદે મોતઆલ એ (લોકો) ને દોસ્ત રાખે છે જેઓ હુસૈન (અ.સ.) ને દોસ્ત રાખે. હુસૈન મારા નવાસાઓ પૈકી એક નવાસા છે."*

**(૨) બીજા એઅતેરાઝનો જવાબ**

બીજા એઅતેરાઝમાં કહે છે કે ઈમામ હુસૈન (અ.સ.) ની વિલાદત અને શહાદત પહેલા નબીઓએ અઝાદારી અને માતમ કેવી રીતે કર્યુ ?

ઉપરનો એઅતેરાઝ ઉપસ્થિત થવાનું કારણ એ છે કે અબ્દુલ ગફ્ફાર સાહેબ ઈલાહી પયગમ્બરોને સામાન્ય માણસો જેવા સમજે છે અને તેમની માન્યતા એવી છે કે ખુદાના પયગમ્બરો ભવિષ્યમાં બનનારા બનાવોથી બેખબર હોય છે.

હકીકત એ છે કે ખુદા તરફથી તેઓને ઈલ્મ આપવામાં આવ્યુ હતું, જેથી તેઓ ભવિષ્યમાં બનનારા બનાવો વિશે જાણતા હતા. ભવિષ્યમાં બનનારી ખુશી અને આનંદની ઘટનાઓથી તેઓ ખુશ થતા અને ભવિષ્યમાં બનનારી કરૂણ અને હૃદયદ્રાવક ઘટનાઓ તેઓને ઉદાસ અને ગમગીન બનાવી દેતી.

મુતવાતીર હદીસો એ વાતને સમર્થન આપે છે કે : હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત ઉપર ગીર્યા અને રૂદન કર્યુ હતું. હકીકતમાં એ રૂદન વાકએ-કરબલાની પહેલા હતું.

દસમી સદી હીજરીના એહલેસુન્નતના મશ્હુર બુઝુર્ગ આલિમ જનાબ અલ્લાઉદ્દીન મુત્તાકી હિન્દીએ તેમની કિતાબ ''કન્ઝુલ ઉમ્માલ'' માં ઈબ્ને અબી શૈબાની કિતાબ ''અલ મુસ્નફ'' ના હવાલાથી રસુલે ખુદા (સ.અ.વ.) ના પત્ની જનાબે ઉમ્મે સલમા (રઝ.) થી રિવાયત કરી છે, આપ ફરમાવે છે કે :

*'મેં જોયું કે રસુલે ખુદા (સ.અ.વ.) ની હથેળીમાં કોઈ વસ્તુ છે અને આપ તે વસ્તુ હલાવી*

રહ્યા છે અને રૂદન કરી રહ્યા છે. એ વખતે ઈમામ હુસૈન અલયહિસ્સલામ રસુલે ખુદા (સ.અ.વ.) ની ગોદમાં સૂતા હતા. મેં તેઓ (સ.અ.વ.) ને એ વિશે પૂછયું, પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યું : બેશક જીબ્રઈલ મારા માટે એ જમીનની માટી લાવ્યા, જે જમીન ઉપર હુસૈનને કત્લ કરવામાં આવશે અને મને ખબર આપી કે મારી ઉમ્મત તેઓને કત્લ કરશે.'

(કન્ઝુલ ઉમ્માલ, ભાગ ૬, પાના નં. ૧૦૬)

આઠમી સદી હિજરીના એહલે સુન્નતના બુઝુર્ગ આલીમ હાફીઝ નુરૂદ્દીન હયશમી શાફેઈએ તબરાનીના હવાલાથી હ. રસુલે ખુદા (સ.અ.વ.) ના પત્ની જ. આયેશાથી આ પ્રમાણે રિવાયત નોંધી છે. હુસૈન બીન અલી (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.) ની ખીદમતમાં એ વખતે હાજર થયા જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર વહી નાઝીલ થતી હતી. હુસૈન (અ.સ.) રસુલે ખુદા (સ.અ.વ.) ની પીઠ અને ગરદન ઉપર સવાર થઈ ગયા. જ. જીબ્રઈલે (રસુલે ખુદા સ.અ.વ.) ને પુછયું : શું આપ એમને (ઈમામ હુસૈન અ.સ.) ને દોસ્ત

રાખો છો ? રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું : મારા ફરઝંદને દોસ્ત કેમ ન રાખું ? જ. જીબ્રઈલે અર્ઝ કરી નિસંશય, આપના પછી આપની ઉમ્મત એમને (હ. ઈ. હુસૈન અ.સ. ને) કત્લ કરી નાખશે. આ પછી જ. જીબ્રઈલે પોતાનો હાથ લંબાવ્યો અને રસુલે ખુદા (સ.અ.વ.) ને સફેદ માટી આપીને ફરમાવ્યું : આ જમીન ઉપર આપના ફરઝંદને કત્લ કરવામાં આવશે. તે જમીનનું નામ 'તુફ' છે. જ. જીબ્રઈલના ગયા પછી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) બહાર આવ્યા. આપ (સ.અ.વ.) ના હાથમાં એ માટી હતી અને આપ રૂદન કરી રહ્યા હતા. અને ફરમાવી રહ્યા હતા કે : અય આયશા, જ. જીબ્રઈલે મને ખબર આપી છે કે મારા હુસૈન (અ.સ.) ને 'સરઝમીને તુફ' ઉપર કત્લ કરવામાં આવશે. મારા પછી મારી ઉમ્મત કસોટીમાંથી પસાર થશે. ત્યાર પછી રસુલે ખુદા (સ.અ.વ.) રૂદન કરતાં કરતાં બહાર પોતાના અસ્હાબ પાસે તશરીફ લાવ્યા. તે વખત હઝરત અલી (અ.સ.), હ. અબૂ બકર, હ. ઉમર, હ. હોઝયફા, હ. અમ્માર અને હ. અબૂઝર ત્યાં મૌજુદ હતા. તે હઝરાતે પુછયું અય રસુલે ખુદા (સ.અ.વ.) આપના રૂદનનું કારણ શું છે ? આપે ફરમાવ્યું :

જ. જીબ્રઈલે મને ખબર આપી છે કે મારા ફરઝંદ હુસૈન (અ.સ.) ને મારી પછી સરઝમીને 'તુફ' ઉપર કત્લ કરવામાં આવશે. અને તેઓ મારા માટે તે માટી લાવ્યા અને ફરમાવ્યું કે આ માટી તેઓની કબ્રની જગ્યાની છે.

(મજમઉઝ ઝવાએદ ભાગ ૯, પા. ૧૮૭)

એહલે સુન્નતના મોહદ્દીસે બુઝુર્ગ હાકીમ નિશાપૂરીએ જનાબ ઉમ્મે ફઝલથી એક રિવાયત નોંધી છે કે ઉમ્મે ફઝલે એક સ્વપ્ન જોયું કે રસુલે ખુદા (સ.અ.વ.) ના પવિત્ર શરીરનો એક ભાગ જુદો પડીને તેમના (ઉમ્મે ફઝલના) દામનમાં પડયો. સ્વપ્નનું વર્ણન તેમણે રસુલે ખુદા (સ.અ.વ.) સમક્ષ કર્યુ : રસુલે ખુદા (સ.અ.વ.) એ તેમને ફરમાવ્યું :

> *'તમે ઘણું સારૂં સ્વપ્ન જોયુ છે. ઈન્શાઅલ્લાહ જનાબે ફાતેમા (સ.અ.) ને ત્યાં એક બાળકનો જન્મ થશે અને તે બાળક તમારી ગોદમાં ઉછરશે.'*

જનાબે ઉમ્મે ફઝલ ફરમાવે છે કે : જનાબે ફાતેમા (સ.અ.) ની કૂખથી ઈમામ હુસૈન (અ.સ.) નો જન્મ થયો અને રસુલે ખુદા (સ.અ.વ.) ના કૌલ (કહેવા) મુજબ તે

બાળક મારી ગોદમાં આપવામાં આવ્યું. તે પછી એક દિવસ હું રસુલે ખુદા (સ.અ.વ.) ની ખિદમતમાં હાજર થઈ અને હઝરત ઈમામ હુસૈન (અ.સ.) ને તે હઝરત (સ.અ.વ.) ની ખિદમતમાં રજુ કર્યા. રસુલે ખુદા (સ.અ.વ.) એ જયારે મને જોઈ તે વખતે તેઓ (સ.અ.વ.) ની આંખોમાં આંસુ હતા. મેં (ઉમ્મે ફઝલે) અર્ઝ કરી. અય પયગમ્બરે ખુદા (સ.અ.વ.) મારા માઁ-બાપ આપ ઉપર કુરબાન, આપને શું થયું છે ? આં હઝરત (સ.અ.વ) એ ફરમાવ્યું :

*'મારી પાસે જ. જીબ્રઈલ તશરીફ લાવ્યા અને મને ખબર આપી કે મારી ઉમ્મત મારા આ ફરઝંદને કત્લ કરી નાખશે.'*

મેં પુછયું : આ ફરઝંદને ? ફરમાવ્યું :

*'હા, અને જીબ્રઈલ મારા માટે લાલ રંગની માટી પણ લાવ્યા.'*

(મુસ્તદરકે હાકીમ, ભાગ ૩, પાના નં. ૧૭૬)

શું ઉપરની ત્રણેય રિવાયતો એ વાતની સાબિતિ માટે પૂરતી નથી કે અંબિયા-એ-કેરામ, ખાસ કરીને રસુલે ખુદા (સ.અ.વ.) ખુદાએ આપેલા ઈલ્મથી ઈમામ હુસૈન (અ.સ.)

ની શહાદત વિશે (અગાઉથી) માહિતગાર હતા અને તેઓ તેમની મુસીબત ઉપર ગમગીન થયા તેમજ રૂદન અને વિલાપ કર્યો.

**(૩) ત્રીજા એઅતેરાઝનો જવાબ**

એ વાતમાં કોઈ શંકા નથી કે નમાઝ, રોઝા, ઝકાત, હજ, વિગેરે બાબતો દીને ઈસ્લામના સર્વ સ્વીકૃત મહત્ત્વના કાર્યો છે. કોઈપણ મુસલમાન આ બાબતોનો ઈન્કાર કરી શકતો નથી. પરંતુ શું એવી બાબતો કે જેનો સંબંધ એઅતેકાદથી અથવા દિલથી માનવા સાથે છે તેવી બાબતો જેમકે ખુદાનું એક હોવું (તૌહીદ), હઝરત ખત્મી મરતબત (સ.અ.વ.) ની રિસાલત અને રસુલે ખુદા (સ.અ.વ.) ની એહલેબૈતે ની મોહબ્બત પણ અમલી વાજીબાત છે, શું આ બધી બાબતોનો મરતબો ઈસ્લામના અમલી ઉસુલો કરતા ઉંચો નથી ? કુરઆન અને રિવાયત એ વાતની સાક્ષી પૂરે છે કે ઈમાનને અમલ ઉપર અગ્રતા આપવામાં આવી છે. નેક અમલ કબુલ થવાની શર્ત, સહીહ ઈમાન, ખુદા, પયગમ્બરો અને કયામત ઉપરનો સાચો અકીદો હોવો, શીર્ક અને કુફ્રનો ઈન્કાર કરવો, ઈસ્લામના દુશ્મનો સાથે દુશ્મની રાખવી. તેમજ ખુદા,

પયગમ્બરો અને પયગમ્બર (સ.અ.વ.) ના એહલેબૈત સાથે મોહબ્બત રાખવી આ બધી બાબતો ભેગી મળીને સંપૂર્ણ ઈમાન બને છે. નેક અમલ ઈમાનને બુલંદ મરતબા સુધી પહોંચાડનાર છે.

એહલે સુન્નત વલ જમાતના બુલંદ મરતબાવાળા આલીમ અલાઉદ્દીન મુત્તકી હિન્દીએ તેઓની કિતાબ કન્ઝુલ ઉમ્માલમાં બુઝુર્ગ ઈતિહાસકાર અને મોહદ્દીસે એહલે સુન્નત ઈબ્ને અસાકીરના હવાલાથી હઝરત અલી (અ.સ.) થી રિવાયત કરી છે કે આપે ફરમાવ્યું કે : રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું :

*"અય અલી! ઈસ્લામ બેલિબાસ છે, તેને છુપાવનાર તકવા છે, તેનો પોશાક હિદાયત છે, તેની શોભા હયા (શરમ), છે તેનો સ્તંભ પરહેઝગારી છે અને તેનો પાયો નેક અમલ છે. ઈસ્લામની બુનિયાદ મારી મોહબ્બત અને મારી એહલેબૈત (અ.સ.) ની મોહબ્બત છે."*

(કન્ઝુલ ઉમ્માલ, ભાગ ૧૩, પાના નં. ૯૦ અને ભાગ ૬, પાના નં. ૨૧૮)

એહલે સુન્નતના ઈમામુલ મોહદ્દેસીન એહમદ બિન હમ્બલે રસુલે ખુદા (સ.અ.વ.) થી એક રિવાયત નોંધી છે કે જેમાં આપે આપના પિતરાઈ ભાઈ મતલુબ બિન રબીયહને સંબોધન કરતા ફરમાવ્યું :

*"ખુદાની કસમ, કોઈ મુસલમાનના દિલમાં ઈમાન પ્રવેશ નહીં પામે જ્યાં સુધી કે તે ખુદા (ની ખુશી) માટે અને મારી સાથે મેળ મિલાપ (મૈત્રી) રાખવા માટે મારા એહલેબૈત (અ.સ.) સાથે દોસ્તી (વ્યકત) ન કરે."*

(મુસ્નદે એહમદ, ભાગ-૩, પાના નં. ૨૦૧)

ઉચ્ચકક્ષાના હદીસવેત્તા, હાફીઝ જલાલુદ્દીન સુયુતી એ તબરાનીના હવાલાથી રસુલે ખુદા (સ.અ.વ.) થી હદીસ નોંધી છે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું :

*"અમારી એહલેબૈત (અ.સ.) સાથે મોહબ્બત જાળવી રાખો, જેઓ અમારી સાથે દોસ્તી રાખતા હોય તેવી હાલતમાં ખુદા સાથે મુલાકાત કરે તો તેઓ અમારી શફાઅતને કારણે બેહીશ્તમાં દાખલ થશે. એની કસમ, જેના કબ્ઝએ*

*કુદરતમાં મારી જાન છે, અમો એહલેબૈતના હકની ઓળખ સિવાય કોઈપણ પોતાના અમલથી રાહે હક નહીં મેળવી શકે.''*

(અહયાઉલ મય્યત, હદીસ નં. ૧૮)

આ રીતે જો દીનના સ્તંભ નમાઝ, રોઝા, હજ તથા અન્ય બીજી દીની વાજીબાતો છે, તો આ સ્તંભોનો પાયો અને બુનિયાદ ઈમાન અને એઅતેકાદ છે અને તેના અનુસંધાને મોહબ્બતે એહલેબૈત (અ.સ.) આવે છે અને ઈમામ હુસૈન (અ.સ.) કોઈપણ શક કે સંદેહ વગર રસુલે ખુદા (સ.અ.વ.) ના એહલેબૈતમાંથી છે. તેથી તે હઝરત (અ.સ.) સાથે મોહબ્બત, તેઓ સાથે દિલી લગાવ અને તેઓ સાથે દોસ્તીનું એઅલાન મુતવાતીર હદીસો પ્રમાણે દીનની બુનિયાદ અને ઈમાનની જરૂરી અને અનિવાર્ય શરત ગણવામાં આવી છે.

હવે અમે સવાલ કરીએ છીએ કે : અગર કોઈ વ્યકિત કુરઆન અને દીનના બંધારણ મુજબ ઈમામ હુસૈન (અ.સ.) ને દોસ્ત રાખે અને પોતાના દિલનાં ઉંડાણથી એ હઝરત (અ.સ.) સાથે મોહબ્બત રાખે તો શું એ શકય છે કે, તેવી

વ્યક્તિ હઝરત (અ.સ.) ની મુસીબતો ઉપર તેમનો અઝાદાર ન બને ?

તેથી અમે એમ કહીએ છીએ કે નમાઝ, રોઝા, હજ, ઝકાત, દીનના સ્તંભ છે અને તે બજાવવાથી જ ઈસ્લામ બાકી રહેશે. રિવાયતના વિવરણથી એ વાત સાબિત થાય છે કે એહલેબૈત (અ.સ.) સાથે સંપૂર્ણ રીતે મોહબ્બત રાખવી, મોહબ્બતે ઈમામ હુસૈન (અ.સ.) અને તેમની મુસીબતો ઉપર અઝાદારી કરવી જે મોહબ્બતે એહલેબૈત (અ.સ.) ની એક શાખા છે. તે ઈસ્લામની બુનિયાદ અને પાયો છે અને તેને કાયમ રાખવી એ ઈસ્લામને કાયમ રાખવા સમાન છે.

**(૪) ચોથા એઅતેરાઝનો જવાબ**

આ એઅતેરાઝના જવાબની સ્પષ્ટતા આગળના જવાબમાં આવી જાય છે કારણકે ખુદાવંદે મોતઆલ સુરએ શુરાની ૨૩ મી આયતમાં ફરમાવે છે :

> *"(અય રસુલ !) તમે કહી દયો કે હું તો આ (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસે મારા નઝદીકના સગાવ્હાલા (એહલેબૈત અ.સ.) ની મોહબ્બત સિવાય કંઈ મહેનતાણું માગતો નથી."*

કુરઆને મજીદની ઉપરોકત આયત પ્રમાણે એહલેબૈત (અ.સ.) ની મોહબ્બત, પયગમ્બર (સ.અ.વ.) તથા હઝરત ઈમામ હુસૈન (અ.સ.) ની મોહબ્બત ખુદાના હુકમ પ્રમાણે વાજીબ છે અને મોહબ્બતની શ્રેષ્ઠ અભિવ્યકિત, મેહબુબની ખુશીમાં ખુશ થવું અને તેની મુસીબતોમાં ગમ અને ઉદાસી વ્યકત કરવી તે છે. આથી એ દરેક મુસલમાન જે કુરઆને મજીદના સુરએ શુરાની આયત નં. ૨૩ ઉપર ઈમાન ધરાવતો હોય તેઓ ઉપર ઈમામ હુસૈન (અ.સ.) નો ગમ અને માતમ જરૂરી અને વાજીબ (અનિવાર્યપણે આવશ્યક) છે.

વાસ્તવમાં એ આશ્ચર્યજનક વાત છે કે એક મુસલમાન નસ્સે કુરઆન અને રિવાયતની વિરૂધ્ધ જવાની હિંમત કેમ કરે છે ? (આ લેખમાં એ રિવાયતો પૈકીની કેટલીક રિવાયતોનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ પ્રસ્તુત છે.) જે રિવાયતમાં ઈમામ હુસૈન (અ.સ.) અને તેમની અઝા જે દરેક મુસલમાનના ઈમાનનો ભાગ છે - તેને હરામ કેમ ગણે છે ? તેમજ એ વાતનું પણ આશ્ચર્ય થાય છે કે એવી વ્યકિત કયામતના દિવસે રસુલે ખુદા (સ.અ.વ.) અને તેમની એહલેબૈત (અ.સ.) ની સામે કેવી

રીતે આવી શકશે અને તેઓની મદદ અને શફાઅતની અપેક્ષા કઈ રીતે રાખી શકશે ?

શું કુરઆને મજીદમાં હઝરત યાકુબ (અ.સ.) નો બનાવ મૌજુદ નથી ? જનાબે યાકુબ (અ.સ.) પોતાના ફરઝંદ હ. યુસુફ (અ.સ.) ના વિયોગમાં એક મુદ્દત સુધી રૂદન કરતા રહ્યા. એટલે સુધી કે આપની આંખો સફેદ થઈ ગઈ હતી. વાસ્તવમાં, હ. યુસુફ (અ.સ.) પ્યાસથી બેહાલ થયા ન હતા કે ન તો તેમને બદતરીન રીતે કત્લ કરવામાં આવ્યા હતા, ન તો એમના ફરઝંદ એમના પોતાના હાથ ઉપર કત્લ કરવામાં આવ્યા હતા, ન તો તેઓના પવિત્ર શરીરને ઘોડાઓના પગોથી પાયમાલ કરવામાં આવ્યા હતા, ન તો તેમની સ્ત્રીઓ અને બાળકોને કૈદી બનાવવામાં આવ્યા હતા અને ન તો તેમના ખયમાઓને આગ લગાડવામાં આવી હતી.

બિરાદરે અઝીઝ, જનાબ અબ્દુલ ગફફાર સાહેબ! હવે આપજ કહો કે : સુન્નતે જનાબે યાકુબ (અ.સ.) ની પૈરવી કરીને ગમે હુસૈન (અ.સ.) માં કેટલું રૂદન કરીએ ?

ઈમામે હુસૈન (અ.સ.) ની શહાદત થવા પહેલા, રસુલે ખુદા (સ.અ.વ.) એ ઘણી વખત રૂદન કર્યુ છે. પયગમ્બરે

અકરમ (સ.અ.વ.) ની વફાત પછી જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ એટલો બધો વિલાપ કર્યો હતો કે : ઈબ્ને સઅદની રિવાયત પ્રમાણે કોઈએ તેઓને એક પણ દિવસ સ્મિત કરતા જોયા ન હતા.

ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) હ. અલી બિન હુસૈન (અ.સ.) તેમના પિતા (હ. ઈ. હુસૈન અ.સ.) ની શહાદત પછી જીવનભર રડતા રહ્યા હતા. જ્યારે કોઈ ઘેટાને હલાલ કરી તેનું માથું ધડથી અલગ કરતું ત્યારે આપ બેહદ રૂદન કરતા અને ફરમાવતા કે : મારા પિતાનું માથુ યઝીદીઓએ આવી રીતે જુદુ કર્યુ હતું.

હવે અમે જનાબ અબ્દુલ ગફફાર સાહેબને પ્રશ્ન કરીએ છીએ કે : (ઉપર જણાવેલ વિગત મુજબ) અઝા અને માતમ જે સુન્નતે ઈસ્લામી, સુન્નતે રસુલે ખુદા (સ.અ.વ.), સુન્નતે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.), સુન્નતે ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) અને સુન્નતે જનાબે યાકુબ (અ.સ.) છે, તેને માત્ર આપ સાહેબના ફત્વાનું અનુસરણ કરીને અઝા અને માતમને છોડી દઈએ અને મસાએબે ઈમામ હુસૈન (અ.સ.)

ઉપર રૂદન ન કરીએ, તેમના અઝાદાર ન થઈએ અને તેઓ ઉપર માતમ ન કરીએ ??!

**(૫) પાંચમા એઅતેરાઝનો જવાબ**

ઉપરોક્ત બાબતો ઈમામ હુસૈન (અ.સ.) ની અઝાદારીની હકીકત અને જાણકારી સાબિત કરવા માટે પૂરતી છે, તેમજ દીનને શંકા અને સંદેહથી મુકત કરે છે. આથી અઝાએ ઈમામે હુસૈન (અ.સ.) એ એવી સુન્નત છે જેની સરહદ કુરઆન અને સુન્નત સાથે મળેલી છે અને તે અધિકૃત હોવાનું સમર્થન ઈસ્લામના મહાન આલિમોએ કર્યુ છે. તેથી આ સુન્નતને ભૂલાવી દઈને અઝાએ ઈમામે હુસૈન (અ.સ.) નું આયોજન ન કરવું એ અવળાઈની નીશાની અને ઈમાન વિશેની અવળી વિચારધારાની નિશાની છે. મોહબ્બતે એહલેબૈત (અ.સ.) ન હોવી એ દીનના બંધારણ અને કુરઆનની વિરૂધ્ધની બાબત છે અને રસુલે ખુદા (સ.અ.વ.) દ્વારા ઈમામ હુસૈન (અ.સ.) ઉપર રૂદન કરવા ની સુન્નતની વિરૂધ્ધની બાબત છે. ઈમામે હુસૈન (અ.સ.) નું માતમ કરવું દીનની પૈરવી, નબીએ અકરમ (સ.અ.વ.) ની પૈરવી છે. આ બધી બાબતો જુદી જુદી નથી.

અંતમાં, અમે બિરાદર જનાબ અબ્દુલ ગફફાર સાહેબને દરખાસ્ત કરીએ છીએ કે કોઈપણ દીની મસઅલામાં જ્યાં સુધી તટસ્થ ખાત્રી ન કરવામાં આવે ત્યાં સુધી કોઈનું આંધળુ અનુસરણ કરવું ન જોઈએ. એમ કરવાથી તમામ કાર્યો નિરર્થક બની જવાનો સંદેહ રહેલો છે. એહલે સુન્નત વલ જમાઅતની અધિકૃત કિતાબો, જેમકે "મકતલે હુસૈન" લેખક અખ્તબે ખોતબા, મોવફફીક બિન અહમદ ખ્વારઝમી હનફી, "કુર્રતુલ અય્ન ફીલ બુકાઅ અલલ હુસૈન" લેખક મોહમ્મદ મુબીન તત્વ હનફી, "સવાદુલ અય્ન ફી રસાઈલ હુસૈન" લેખક અબૂબકર હઝરમી શાફેઈ, "ફસલ તરજૂમા અલ ઈમામૂલ હુસૈન અઝ તારીખે દમીશ્ક" લેખક ઈબ્ને અસાકિર અને બીજી કિતાબો તથા લેખોનો અભ્યાસ કરવા વિનંતી છે.

એક દીની હકીકત એટલે કે અઝાએ ઈમામે હુસૈન (અ.સ.) નો ઈન્કાર કરીને એહલેબૈત (અ.સ.) ના દુશ્મનોની હરોળમાં શામેલ થઈને મુસ્લિમોની એકતામાં આડખીલી ઉભી ન કરવી જોઈએ.

યાદ રાખો જે કોઈ જાણી જોઈને આવા ફત્વા અને ફેંસલા પ્રસ્તુત કરે તેણે કયામતના દિવસના અત્યંત મુશ્કેલ

સ્થાનોમાં પોતાનો બચાવ રજુ કરવાનો છે. એ પણ યાદ રાખજો કે સિહાહે સિત્તામાં હદીસો મૌજુદ છે કે કયામતમાં ખુદાના ફરિશ્તાઓ રસુલે ખુદા (સ.અ.વ.) ના અમુક અસ્હાબને હૌઝે કૌસર ઉપર પહોંચ્યા પછી ત્યાંથી એ કારણોસર પાછા વાળી દેશે કે તેઓએ રસુલે ખુદા (સ.અ.વ.) ના એહલેબૈત (અ.સ.) નો હક અદા કર્યો ન હતો.

અંતમાં અલ્લાહ તઆલાની બારગાહમાં દોઆ છે કે અય અલ્લાહ વારીસે ખુને હુસૈન (અ.સ.), હઝરત વલીએ અસ્ર (અ.સ.) ના ઝુહુરમાં જલ્દી ફરમાવ અને અમને દરેકને ઝીંદગીના આખરી શ્વાસ સુધી અઝાએ હુસૈન (અ.સ.) સાથે જોડાએલા રહેવાની તવફીક અતા ફરમાવ (ઈલાહી આમીન)

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

إِنَّ لِقَتْلِ الْحُسَيْنِ حَرَارَةً فِي قُلُوبِ

الْمُؤْمِنِينَ لاَ تَبْرُدُ أَبَدًا

"બેશક ઈમામ હુસૈન અલયહિસ્સલામની શહાદતથી મોઅમિનોના દિલોમાં એવી હરારત (ગરમી) પૈદા થશે જે કયારેય ઠંડી નહીં થાય."

(મુસ્તદરકે વસાએલુશ્શીઆ, ભા. ૧૦, પા. ૩૧૮, હ. ૧૨૦૮૪)

: સોગવાર :

એસોસિએશન ઓફ ઈમામ મહદી (અજ.).

પોસ્ટ બોક્સ નંબર ૧૯૮૨૨, મુંબઈ - ૪૦૦૦૫૦